Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૧ · તા. ૩ થી ૯ જાન્યુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017



K.D.O. STUDENTS ASSOCIATION
Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઈ

દ્વારા આયોજિત **વાર્ષિક ઉત્સવ**

61 Shree KDO Students Association

**on Sunday, 18th January 2015 from 5.00 pm onwards**



**સ્થળ**

શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ,
ડબ્બા કંપનીની બાજુમાં,
નેહરૂ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ).

# 2 The Magic of KDO Talents

વિશેષ આકર્ષણ હાસ્ય કલાકાર
ફૂદડી ફેમ શ્રી રસિક મહારાજ (કચ્છ)

# જલસા

Academic Prize Distribution
Drama
Dance Competition
Instrumental Playing
Navrangi Saree War
Family DJ
Fashion Show by KDO's

**કાર્યક્રમના અતિથી વિશેષ**



શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા)



શ્રી જયંત ભવાનજી સોની (સુથરી)

**કાર્યક્રમના મુખ્ય અતિથી**



શ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ)



શ્રી શૈલેષ સનત્ શાહ (મોટી સિંધોડી)

## મુખ્ય દાતાશ્રી

**શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેંબુર)**

**શ્રી જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)**

### સહયોગી મુખ્ય દાતાશ્રી

શ્રી ચાંપશી માણેકજી શાહ (લોખંડવાલા) પરિવાર (સાંધવ - ઘાટકોપર)

શ્રી મણીકાંત હીરજી ધુલ્લા પરિવાર (જખૌ-મુલુન્ડ)

### શૈક્ષણિક દાતાશ્રી

શ્રી વીરજી લધાભાઇ ટ્રસ્ટ - મુંબઇ
હસ્તે-શ્રી શીવજી કુંવરજી વિક્મશી
(રાણપર-લાલબાગ)

### ઇનામના દાતાશ્રી

માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી)

માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા)

### સહયોગી દાતાશ્રી

| | |
|---|---|
| શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ હસ્તે શ્રી સમીર દંડ (સાંધવ) | માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત લોડાયા (વારાપધર-વાપી) |
| શ્રી હીરાચંદ દામજી દંડ પરિવાર (મંજલ રેલડીયા-અંધેરી) | શ્રી અમીત મોમાયા (D. V. Shipping-Masjid)(વરાડીયા) |
| શ્રી દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી (Arihant Cars-Mulund) | શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા (જખૌ-ગાંધીધામ) |
| શ્રી પદમશી લધુભાઇ સોની પરિવાર (સુથરી-જુહુ) | શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર (સુથરી-મુલુન્ડ) |
| મે. જેઠાભાઇ ડુંગરશી ટ્રાન્સપોર્ટ (મસ્જીદ બંદર) | શ્રીમતી મીનાબેન ચીમન મેઘજી મોતા (વારાપધર-મુલુન્ડ) |

**કાર્યક્રમના સ્થળ માટે વિશેષ આભાર : શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ, મુંબઇ**

Hemil Jayesh Dand, Treasurer (Varadia-Ghatkopar) | Urmin Jayesh Lodaya, Secretary (Suthari-Ghatkopar) | Anuj Girish Lodaya, President (Rava-Dombivli) | Mayank Jitendra Momaya, Vice-President (Sayera) | Hiten (Rajan) B. Lodaya, Convinier (Rava-Kanjurmarg)

Tejas Mahendra Khona Co-Convinier (Jakhau-Bhandup) | & Entire K.D.O.V.S. Team | Mittal Tilesh Dharamsey Co-Convinier (Suthari-Masjid)

# શ્રી અખીલ ભારત વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ (અચલગચ્છ)ના ક.દ.ઓ. પ્રમુખશ્રી શામજી નરશી દંડની હિમ્મતભર્યો ઠરાવ પસાર કરાવી ગચ્છની એકતા અને અસ્મિતા પુનઃસ્થાપિત કરવા બદલ અનુમોદના







શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના વર્તમાન ટ્રસ્ટીઓ, અધિકારીઓ, ગચ્છના ગચ્છાધિપતિશ્રી આ.ભગવંત ગણીવર્યો, મુનિશ્રીઓ, સાધ્વીજી ભગવંતો અને 300થી અર્થિક સંઘોએ તા.12-12-10ના વિવાદાસ્પદ ઠરાવ બાબત ફરીથી વિચારણા કરી નક્કી કર્યુ છે કે બે મુનિરાજો પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા.નો ફરી ગચ્છમાં સમાવેશ કરી લેવામાં આવેલ છે.

શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘના નિષ્ઠાવાન કચ્છી દશા ઓસવાલ પ્રમુખ અને સાથી અધિકારીઓએ સાથે મળી તા.8-12-14ના રોજ વ્યવસ્થાપક સમિતિની સભામાં ઉપરોક્ત ઠરાવને રદબાતલ કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરાવ્યો અને ગચ્છનું ગૌરવ વધાર્યુ, એ અનુમોદના અને ધન્યવાદને પાત્ર છે.

ઉચિત સમયે પસાર થયેલ આ ઠરાવને લીધે સંઘપ્રમુખ શ્રી શામજી નરશી દંડ ગામ (કચ્છ સાંધવવાળા)ની નિષ્ઠા, દુરંદેશી, દીર્ઘદ્રષ્ટિ, ખુમારી, સંઘપ્રત્યેની ચિંતા, ચીવટ, ચતુરાઈ અને નિર્ભરતા છતી થઈ છે. આ પ્રસંગે સમસ્ત જ્ઞાતિજનો અને આગેવાનોના તેઓ ધન્યવાદને પાત્ર બન્યા છે.

સમાજ, સંઘપ્રમુખ શ્રી શામજી નરશી દંડ તથા શ્રી સંઘના સર્વે અધિકારીઓની આ કાર્ય કરવા માટે ભૂરી ભૂરી અનુમોદના કરે છે. અનંતનાથ દાદા શ્રી શામજીભાઈને અચલગચ્છ સંઘ અને જિનશાસના જયકારા માટે સુખ-સમૃદ્દિ-ધર્મભાવ ભર્યુ દીર્ઘાયુ બક્ષે એ જ પ્રાર્થના.

## આપની ગચ્છનિષ્ઠા - જિનશાસન ભક્તિથી ભાવવિભોર અનુમોદકો

જયંતભાઈ ભવાનજી સોની
પદમભાઈ સોની
ચાંપશીભાઈ માણેકજી શાહ (લોડાયા)
જયભાઈ વીરચંદ સોની
રાજેન્દ્રભાઈ મણીલાલ ખોના
જયંતભાઈ વિસનજી છેડા
નરેન્દ્રભાઈ શીયાલ
હિરેનભાઈ વસનજી (ખંડવા)
પ્રવીણભાઈ હંસરાજ લોડાયા
લહેરીનભાઈ ખોના
ચંદ્રકાંતભાઈ નાગડા
કલ્પેશભાઈ મોતા
હીરાલાલ ડાઘા
જનકભાઈ મોતા

નયનભાઈ ભેદા
કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા
જયેશભાઈ ભાગચંદ જૈન
ચીમનભાઈ મેઘજી મોતા
મુકેશભાઈ દામજી મૈશેરી
લહેરચંદભાઈ વેલજી મૈશેરી
વસંતભાઈ વિકમશી
નરેશભાઈ ભવાનજી
તરૂણભાઈ ધરમશી
ભુપેન્દ્રભાઈ દંડ
કુમાર દંડ
ચેતનભાઈ મોતા
પ્રેમચંદભાઈ સોનાવાલા
તિલકચંદભાઈ કુંવરજી
હરીશભાઈ ડાઘા

લક્ષ્મીચંદભાઈ ધારશી મોતા
મણીકાંતભાઈ હીરજી ધુલા
કુલીનકાંતભાઈ પીર
પુનશીભાઈ લોડાયા
તિલકચંદભાઈ નરશી દંડ
હંસકુમાર દામજી મૈશેરી
દામજી સોની
પૃથ્વીરાજભાઈ નારાણજી
લલીતભાઈ ધરમશી
પારસભાઈ પદમશી
અશોકભાઈ મોતા
ચીમનભાઈ ખોના
નિરંજનભાઈ મોમાયા
પદમભાઈ મોતા

# એક તરફ કેલેન્ડરની ખુશીને સંમેલનની અનિર્ણિત તારીખનો ખેદ સમસ્તના ભાવિનો અધ્ધરતાલ ભેદ!

સમસ્ત ક.દ.ઓ. મહાજને આ વર્ષે કેલેન્ડર બાબત ચીવટ રાખીને તે સમયસર પ્રગટ કર્યું છે તથા નવું વર્ષ શરૂ થાય તે પહેલાં સૌને મળી જાય તેની પણ કાળજી રાખી છે, તે ખુશીની વાત છે.

એ પણ નોંધપાત્ર છે કે સમસ્ત મહાજન જો કેલેન્ડર પ્રકાશિત કરતું હોય તો કેલેન્ડર છાપવાની પોતાની પ્રવૃતિ બંધ કરી દેવી જોઈએ એવી સમજદારી બતાવનાર સંસ્થાઓની સંખ્યા પણ વધી છે.

જોકે જેની સમસ્ત મહાજનના સમર્થકો રાહ જોઈ રહ્યા છે... જે એક અર્થમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે તે સંમેલનની તારીખની જાહેરાત બાબત હજુ સુધી સમસ્ત મહાજનના આગેવાનો અકળ મોન સેવી રહ્યા છે.

એકંદરે કેલેન્ડર સમયસર આવ્યું તથા વધુ સંસ્થાઓએ સમસ્તનું માન જાળવ્યું તેની ખુશી મનાવવી કે સંમેલનની તારીખ બાબત સમસ્તના આગેવાનોની વિલંબ નીતિ અંગે ખેદ વ્યક્ત કરવો તે અંગે સમસ્તના ટેકેદારોપણ દ્વિધામાં છે. તેવી જ વાત વર્તમાન સમિતિની મુદત પૂરી થયે નવી સમિતિમાં મહિલાઓ અને યુવાઓને પ્રતિનિધિત્વ આપવા વિશેની છે. મુદત પૂરી થયા પછી નવી સમિતિ કેવી રીતે આવશે અને તેનું માળખું કેવું હશે એ વિશે પણ સમસ્તના આગેવાનો એ જાહેર નિવેદન કરવું જોઈએ તે કર્યું નથી.

હકીકતમાં સંમેલનના મુદ્દાને સાવ નવી રીતે જોવાની જરૂર છે. સંમેલન બોલાવવાના પક્ષમાં સૌથી મોટો મુદ્દો કોઈ હોય તો તે એ છે કે સમસ્તના આગેવાનોને પોતાને લાગે છે કે સમસ્ત મહાજનનું અત્યારનું બંધારણ ઘણે અંશે અસ્પષ્ટ છે અને સંગઠનને પ્રભાવકારી રીતે ઉભારવા માટે તેમાં ઘણા ફેરફારોની આવશ્યકતા છે.

જો આવું જ હોય તો યોજવા યોગ્ય સંમેલન જેને વર્તમાન બંધારણની જોગવાઈ પ્રમાણેની ઔપચારિક્તા પૂરી કરવા માટે રાયપુરમાં બોલાવાયેલ સંમેલનની સમકક્ષ ન ગણી શકાય. વાસ્તવમાં રાયપુરમાં સંમેલન બોલાવવા માટે તૈયારી થયેલી અને બોલાવવાનું છે એ વાતને શક્ય એટલી વહેલી ભૂલી જવાય તેમાં જ સૌનું ભલું છે.

અલબત્ત સંસ્થાને પ્રભાવશાળી અને વજૂદવાળી બનાવવા બંધારણમાં ફેરફાર કરવા જે સંમેલન બોલાવાય તે જ્ઞાતિની બહુમતી જ્યાં વસે છે અને સૌ કોઈને આવવાનું સુગમ હોય તેવા મુંબઈમાં જ બોલાવાય જ એ ઈચ્છનીય છે.

આ બાબતના ખર્ચ અંગે પણ કાંઈ ફરક નથી પડતો કેમકે ત્રિદિવસીય રાયપુર સંમેલન માટે અંદાજાયેલા રૂા. ૬૫ લાખના બજેટમાંથી અડધાથી વધુ પૈસા મુંબઈમાંથી જ આવશે એવી ધારણા રખાઈ હતી. એટલા પૈસામાંથી મુંબઈમાં બે દિવસીય સંમેલન ભરવાનું શક્ય છે, ઈચ્છનીય છે.

રહી તે સંમેલનને સાર્થક બનાવવાની વાત. તો તે બંધારણ અંગે પહેલાં અનૌપચારિક અને પછી ઔપચારિક ચર્ચા - વિચારણા કરી


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 01/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

બંધારણનો કાચો ખરડો તૈયાર કરી લેવાય તે પછી જ તેની બાકીની વ્યવસ્થા કરાય તે ઈચ્છનીય છે, અત્યારના કડવા અનુભવનો એ બોધ પાઠ પણ છે.

આ બાબતની ઔપચારિક વિચારણા શરૂ કરતાં એટલું સૂચવવું યોગ્ય લાગે છે કે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું સમાજજીવન મહાજન કેન્દ્રિત છે એમ માની તેમનું સંગઠન સમસ્ત ગણાય એવી કાલગ્રસ્ત થઈ ચૂકેલી કે કાલગ્રસ્ત થઈ રહેલી વ્યાખ્યાનો બદલો ભવિષ્યલક્ષી વિચારણા કરતા સમસ્ત મહાજન કચ્છી દશા ઓસવાળ સમાજની બધી સંસ્થાઓની પ્રતિનિધિક / કેન્દ્રીય સંસ્થા હોય એ ઈચ્છનીય છે.

જો એમ થશે તો જ ખરા અર્થમાં સંકલન જે સમસ્ત મહાજનનું મુખ્ય કામ છે તે સારી રીતે થઈ શકશે.

સંકલનની વાત નીકળી છે સૂચવવાનું મન થાય છે કે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ અને ટ્રસ્ટબોર્ડે એવી કાર્યવ્યવસ્થા અને માળખું ઊભા કરવા જોઈએ કે જેને કારણે દર બે - ત્રણ મહીને કે વખતો વખત અને અલગ અલગ સભાઓમાં જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના સેક્રેટરીઓ, તેમના પદાધિકારીઓ તેમજ આખીકારોબારીના સભ્યો મળતા થાય. આમ થશે તો જ જ્ઞાતિના આગેવાનો એક બીજાને ઓળખતા થશે, કોણ ક્યા ઉદ્દેશ્યથી કઈ પ્રવૃતિ કરી રહ્યું છે અને તેમાં બેવડાપણું તો નથી થઈ રહ્યું ને? તેની જાણકારી મેળવી સંકલન સાધી શકશે. વળી સંમેલન પણ દર ચાર - પાંચ વર્ષે મળે તોજ અત્યારે વધુને વધુ તેજ થઈ રહેલી વિખરાવવાની પ્રક્રિયાને હળવીપાડી શકાશે.

એ ખુશીની વાત છે કે સમસ્ત કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના સમાજ જીવનના કેન્દ્ર સમાન મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ તથા અનંતનાથ ટ્રસ્ટમાં જ્ઞાતિ ગરિમાને મહત્વ આપનાર પેનલ ચૂંટાઈ છે જે અગાઉની અનંતયુવા શક્તિ પેનલના મનસ્વી આગેવાનોના તોરીલાપણાને કારણે જ્ઞાતિના સમાજ જીવનને થયેલ નુકસાનને ભરપાઈ કરી આપવા ઉત્સુક છે. કેલેન્ડરનું ઉદઘાટન આવા સહયોગ ઉત્સુક જ્ઞાતિ મંડળોના મંચ પર થયું તે નોંધપાત્ર છે.

આવા સંજોગોમાં સમસ્ત મહાજનના આગેવાનો કેલેન્ડર પ્રગટ કરવા કે જૈન માયનોરીટી વિશે માહિતી કાર્યક્રમ રાખવા કે બધા મહાજનોને મળવા જવા પ્રતીકાત્મક કામોથી ઉપર ઉઠી ભવિષ્યલક્ષી આયોજન કરે તે ઈચ્છનીય છે.

આવા ચાર ઉપયુક્ત આયોજન આ પ્રમાણે હોઈ શકે.

૧. મુંબઈ મહાજન સમસ્ત મહાજનને તેના જ ઠરાવના આધારે જેનું પ્રકાશન શરૂ થયું તે કે.ડી.ઓ. વલ્ડનું પ્રકાશન માસિક રૂપે પ્રગટ કરવા સોંપી દે

૨. વસતિપત્રક સમિતિનું બંધારણ એક અર્થમાં સમસ્તના બંધારણ જેવું જ છે. એકના એક નેતા કે તેમના જોડીદારો અલગ સંસ્થા તરીકે કામ કરે તેના બદલે વસતિ પત્રક સમિતિ સમસ્ત મહાજનના ભાગ રૂપે કામ કરે તે વધુ યોગ્ય રહશે એ માટે વસતિપત્રકવાળાને સમજાવવા.

૩. સામાજિક સુરક્ષાની યોજના ચલાવનારા પણ સમસ્ત મહાજનના છત્ર હેઠળ સ્વાયત રીતે કામ કરે અને સમસ્ત મહાજનન તે યોજનામાં બધા જ્ઞાતિજનોને આવરી લેવા ફંડ એકઠું કરી આપે એ જરૂરી છે.

૪. સમસ્ત મહાજને મેડીકલ બાબત વન વીંડો સ્કીમની યોજના હાથ ધરી છે. તેને બદલે તે અનંતનાથ ટ્રસ્ટના સહયોગથી નોન પ્રોફીટ મેકીંગ મેડિકલ ઈનસ્યુરન્સ કંપની શરૂ કરી માત્ર ક.દ.ઓ. સમાજ માટે જ નહીં બધા સમુદાયો માટે તેમાંના મેડિકલ વીમા છત્ર વગરના ઔપચારિક્તા વગર આવરાઈ જાય તેવી ફ્લોટર જેમાં ની પ્રીમીયમાંથી વધેલા પૈસામાંથી અમુક રકમ ભાવિ પોલીસીમાં એડજસ્ટ થાય તેવી પોલીસી શરૂ કરે.

આ બધી વિચારણાનો ઉદ્દેશ્ય આમજ થવું જોઈએ એમ સુચવવાનો નથી પણ સમસ્ત મહાજનને સધ્ધર પાયા પર મુકવા પ્રતીકાત્મક પ્રવૃતિથી આગળ વધવાનો આગ્રહ કરવાનો છે.... સંવાદાત્મક વિચારણાનો પ્રારંભ કરાવવાનો છે આશા રાખીએ તેમજ - થાય.

**- ચંદ્રસેન મોમાયા**

K.D.O. STUDENTS ASSOCIATION
ESTD : 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

61 Shree KDO Students Association

## દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ

**on Sunday, 18th January 2015 from 5.00 pm onwards**

**સ્થળ**

**શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ, ડબ્બા કંપનીની બાજુમાં, નેહરૂ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ).**

**Drama | Dance Competition | Instrumental Playing | Navrangi Saree War | Family DJ**
**Fashion Show | Academic Prize Distribution**



**વિશેષ આકર્ષણ હાસ્ય કલાકાર**
**ફૂદડી ફેમ શ્રી રસિક મહારાજ (કચ્છ)**

**પ્રવેશ**
માત્ર પાસ દ્વારા

**Non-Member Entry Pass ONLY Rs. 30/- Per Person**

# જલસા 2 The Magic of KDO Talents

**Drawing Competition**
"તારે જમીન પર"
**on 11.01.2015**
Age Group
6 Yrs.-10 Yrs., 11 Yrs. - 16 Yrs.
Contact : 8898451456

**Passes available from 05.01.2014**
**CONTACT**

**મસ્જીદ બંદર**
મિત્તલ તિલેશ ધરમશી (સુથરી)
મો. 9773008712

**નાલાસોપારા**
મોક્ષા પિયુષ લોડાયા (સાંયરા)
મો. 9028834413

**સાયન / માટુંગા**
જીગર નિતીન ધરમશી (સુથરી)
મો. 9867792294
અંકિત તિલક લોડાયા (તેરા)
મો. 9930253717

**ઘાટકોપર / વિદ્યાવિહાર / ચેમ્બુર**
અભય અશોક લાપસિયા (દલતુંગી)
મો. 9920533431
ફોરમ રમેશ લાલકા (બાંઢીયા)
મો. 9833253036
પ્રતિક દિનેશ લાલકા (પરજાઉ)
મો. 9867014123

**વડાલા**
નીલેશ ઉત્તમચંદ લોડાયા (સાંયરા)
મો. 7498488947

**કલ્યાણ**
નીલીમા અશોક મુનવર (જખૌ)
મો. 8080847978
ભાવિક મનીષ મોતા (નલીયા)
મો. 9323082737

**કાંજુરમાર્ગ / પવઇ**
પુજા નિતીન લોડાયા (વારાપધર)
મો. 8286361451
ઉર્વેશ ભરત છેડા (નલીયા)
મો. 9022023778
જલ્પા પ્રફુલચંદ મોમાયા (જખૌ)
મો. 9702003644
કેવલ અભય ધરમશી (જખૌ)
મો. 9022273753
રાજ રોહિત જીવાણી (જખૌ)
મો. 9422870654

**ભાંડુપ / નાહુર**
અર્પણ ફાલ્ગુન ખોના (નલીયા)
મો. 9930222189
ઉદય મહેન્દ્ર મોમાયા (વારાપધર)
મો. 8655350409
નિરવ મહેન્દ્ર મોતા (રાપર ગઢવારી)
મો. 7666346732
ઉષ્મા અભય ડાઘા (વરાડીયા)
હર્ષિતા ગુલાબ પોલડીયા (ડુમરા)

**વાશી (નવી મુંબઇ)**
દિવેશ યોગેશ લોડાયા (તેરા)
મો. 9320315561
શ્રીમતી ચાંદની પરેશ લાલકા (લાલા)
મો. 9833225053

**મુલુન્ડ**
ભૈરવી ભરત લોડાયા (રાપર ગઢવારી)
મો. 9819091478
એકતા ઉદયન લોડાયા (મોટી સિંધોડી)
મો. 9769502277
ફોરમ ઉદય નાગડા (રાપર ગઢવારી)
હર્ષ વિજય મૈશેરી (નાની સિંધોડી)
(મુલુન્ડ-ઇસ્ટ) મો. 8080103408

**ડોંબિવલી (પશ્ચિમ) / કોપર**
શુભમ મહેન્દ્ર લાપસીયા (દલતુંગી)
મો. 8898451456
રાકેશ અભય મૈશેરી (મોટી સિંધોડી)
મો. 7208000294
રિષી જગદીશ લોડાયા (સેવક ભરૂડીયા)
મો. 9167281086
બીના નિલેશ મૈશેરી (વારાપધર)
મો. 7506176319
રિષભ નીતીન મોતા (ફુવાપધર)
મો. 7303280537
વિપુલ પુનમચંદ સોની (વાંકુ)
(કોપર) મો. 9004704595
ધર્મીલ નીરેન નાગડા (રાપર ગઢવારી)
મો. 7208292716
જીલ મહેશ નાગડા (નલીયા)
મો. 9833921719

**થાણા / કલવા**
પુજા મુફુલ ધરમશી (નલીયા)
લબ્ધી – ઉર્વી નિરેન લોડાયા (નલિયા)
મો. 9757422880
નિકીતા–કિંજલ ભાવેશ લોડાયા(કલવા)
મોટી ખાવડી મો. 9819239678
નિકીતા નરેશ મૈશેરી (મોટી સિંધોડી)
મો. 9930909383

**ડોંબિવલી (પૂર્વ)**
ધર્મીતા અનુજ લોડાયા (રવા)
મો. 9819462131
સૃષ્ટિ કિરીટ લોડાયા (સાંયરા)
મો. 9702547066
મિત્તલ રતીલાલ નાગડા (કોઠારા)
મો. 9619693691
જૈનિશ જયેશ ધરમશી (સુથરી)
મો. 9820507317
પ્રતિક હરીશ સાયલા (મંજલ રેલડીયા)
મો. 9076452243
મૈત્રી ખીરેશ ધ્રોળ (સાંયરા)
મો. 9323767399
આરૂષી હરીશ શિયાળ (જખૌ)
મો. 7208369792
ફોરમ હીરેન ધરમશી (તેરા)
ધારિકા જીતેન ધરમશી (સુથરી)
જીનલ હિરાચંદ છેડા (નલીયા)

**રેસ્ટ – મુંબઇ / અખિલ ભારત**
મયંક જીતેન્દ્ર મોમાયા (સાંયરા)
મો. 9022295750

**Urmin Jayesh Lodaya**
**Secretary**
(Suthari-Ghatkopar)
9167060043

**Hemil Jayesh Dand**
**Treasurer**
(Varadia-Ghatkopar)
9819985339

**Anuj Girish Lodaya**
**President** (Rava-Dombivli)
**Mayank Jitendra Momaya**
**Vice-President** (Sayera)

**Hiten (Rajan) B. Lodaya**
**Convinier**
(Rava-Kanjurmarg)
9867255345

**Tejas Mahendra Khona**
**Co-Convinier** (Jakhau-Bhandup)
**Mittal Tilesh Dharamsey**
**Co-Convinier** (Suthari-Masjid)

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### ૨૦૧૫ માં નુતન અભિગમ સાથેની પ્રાર્થના સભા

પ્રાર્થના સભાની પધ્ધતિમાં સદગતને શ્રદ્ધાંજલિનો ભાવ વધારે અને ફરજીયાત વહેવાર ઓછો હોય તે ઈચ્છનીય છે. આ દૃષ્ટિએ કુટુંબ ધનવાન હોય કે સામાન્ય સ્થિતિનું, તેના સભ્ય માટે યોજાતી પ્રાર્થના સભા સરળ અને સામાન્ય કુટુંબના સંદર્ભમાં સસ્તીપણ હોય તે ઈચ્છનીય છે.

સામાન્યજનને પ્રાર્થના સભા આયોજનની પળોજણમાં કેટલીક રાહત મળી શકે તેવા કેટલા સુઝાવ અમલમાં આવે તો તે પણ આ નવા પ્રકારની પ્રથાને અનુસરતો થાય અને ખોટા ખર્ચમાં અટવાવવાને બદલે થોડી ઘણી રાહત અનુભવી શકે અને નાના ખર્ચે એક સામાજિક વ્યવહાર જાળવવા સફળ થઈ શકે.

આમાંના કેટલાક મુદ્દાતો સાધન સંપન્નો પણ પ્રાર્થના સભાનું આયોજન સરળ બનાવવા ધ્યાનમાં લઈ શકે એ હેતુથી આજકાલ પ્રાર્થનાસભાનું નવું સ્વરૂપ નીચે પ્રમાણેના સૂચનો અમલ કરવાની નવી પ્રથા પાડવી જોઈએઃ

૧. પ્રાર્થનાસભા માટેના હોલ : જે પરાંમાં આપણી ગીચ વસ્તી છે ત્યાં સામાન્યજનને પરવડે તેવા હોલ માટે હોલના માલીકો સાથે ટાઈઅપ કરી, પેકેજ ડીલ દ્વારા થોડા ઓછા ખર્ચે હોલ સામાન્યજનને મળી શકે.

૨. આપણાં ઉપાશ્રયો, વ્યાખ્યાન હોલ વિગેરે સ્થળોમાંથી રાહતદરે કેટલીક મર્યાદિત જગ્યા મર્યાદિત સમય સુધી પ્રાર્થનાસભા માટે ફાળવી શકાય.

૩. વાજીંત્રો સાથેના પ્રોફેશનલ પ્રાર્થનાકારને બદલે થોડીક સીલેક્ટેડ અને માન્ય પ્રાર્થનાઓનો સમૂહ ધરાવતા ગીતો ડાઉનલોડ કરી મોબાઈલને માઈક સાથે અવાજરૂપે જોડી વગાડવું જેથી પ્રાર્થનાકારના ખર્ચની સંપુર્ણ બાદબાકી થઈ જાય.

૪. પ્રાર્થનાસભા એટલે મૃત વ્યક્તિના સંબંધીઓને દિલસોજી વ્યક્ત કરવા માટેનો એક કાર્યક્રમ તેથી થોડા સમય માટે ગીતોનું શ્રવણ અને પછી એકબીજાને મળી મૃતવ્યક્તિ અંગેના સમાચારની અને સાંત્વનાના બે શબ્દોની આપ મુખ્ય હોય.

૫. મ્યુઝીક વગાડી બધાયને ગીતો સંભળાવવાને બદલે થોડાંક જ ગીતોનો શ્રવણ અને પછી એકબીજાને રૂબરૂ મળી શકે તે માટે વધુ સમય - મર્યાદા ફાળવવી. સગાંસંબંધી, મિત્ર વર્ગની લાગણીને મજબુત દોરથી બાંધવાની ઘડી સમજી સાંત્વના સંદેશો સ્વીકારવો રહ્યો.

***- કુલીનકાંત ચાંપશી લુઠીયા, સામાજિક કાર્યકર***

### ઈંદિરાબેન વિકમશીને શ્રદ્ધાંજલિ

ઈંદિરાબેન જયંતિલાલ વિકમશીનું તાજેતરમાં દુઃખદ નિધન થયું, આપણા સમાજે, પરબ સંજીવનીએ અને જૈન સોશ્યલગ્રુપે તેમ જ તેમના પરિવારજનોએ એક કોહીનુર હીરો ખોયો હોય તેટલું દુઃખ અનુભવ્યું.

સમાજ માટે હંમેશા રચનાત્મક કાર્યોમાં તેઓ પારંગત હતા. એમણે બિલીમોરા ખાતેના વૃદ્ધાશ્રમમાં વિકાસ અર્થે માતબર રકમનું દાન પણ આપેલું. ઉપરાંત અન્ય સેવાલક્ષી પ્રવૃતિઓ પ્રોત્સાહિત કરવામાં પણ તેઓ પાછી પાની કરતા નહીં. પરબ સંજીવનીમાં પણ તેમનું યોગદાન ઉલ્લેખનીય રહ્યું છે.

તેમણે સેવાભાવી મહિલા સંગઠન દ્વારા અનેક સ્ત્રી ઉત્કર્ષ પ્રવૃતિઓનો સારો એવો વિકાસ કર્યો. સ્વાવલંબન કરી આજીવિકા રળતી મહિલાઓને સંસ્થાકીય આર્થિક પીઠબળ પુરું પાડયું. પ્રદર્શનો યોજી મહિલાઓ દ્વારા મસાલા, ઘરગથ્થુ આઈટમોનું વેંચાણ, ગૃહઉદ્યોગ અને દૈનિક જરૂરિયાતની વસ્તુઓનું વેંચાણ વધારવાની કળાને વિકસાવી.

ભક્તિકૃપા ધાર્મિક સામાયિકમાં પણ જૈન ધર્મનું તેમનું ઊંડું જ્ઞાન લેખન સામગ્રી દ્વારા પીરસતા રહેતાં.

તેઓશ્રી એક ડાયનામિક પર્સનાલીટી હતા અને આપણાં જ નહીં સમસ્ત જૈન સમાજે તેમની વસમી વિદાયથી એક અણમોલ રતન ગુમાવ્યો છે તે બેમત નથી. સ્વ. જયંતિલાલના દેહાંત બાદ હીરાના વેપારનો કારોબાર તેઓ જાતે એકલે હાથે ચલાવતા અને વ્યાપારક્ષેત્રે સારી એવી પ્રગતિ પણ કરી.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિરઃશાંતિ અર્પે તેવી પ્રાર્થના.

***- હીરાબેન કુલીનકાંત લુઠિયા***

## જીવતુંજાગતું ને બોલતું વસતી પત્રક !!!

**ઝુકી તો**



**જવાય નો!**

સામાજિક સુરક્ષાવાળા શ્રી પદમ કુમાર નાગડા એટલો કે. ડી. ઓ.સામાજીક સુરક્ષા યોજનાના કાબેલ કાર્યકર કચ્છ નલીયા અને હાલ હુબલી રહેતાં શ્રી પદમકુમાર ધનજી નાગડા માણાવાલાને ઉપરોક્ત યોજનાએ જ્ઞાતિજનો ઓળખે છે.

પોતે મેકેનીકલ ઈન્જિનીયર હોતાં આઠ કલાકની ડયુટી પછી.. જ્ઞાતિનો કોઈપણ સભ્ય દેશ-વિદેશ કે ગમે ત્યાં રહેતો હોયને એમના અવસાનના સમાચાર મળતાં જ કોમ્પ્યુટર પર બેસી એની મૃત્યુ તારીખ-વય-પુરૂષ કે મહિલા હોય તો સવંત વસતી પત્રક નંબર સાથે ૪૦૦૦ જ્ઞાતિજનોની વિગત ૧૭ વરસથી અપડેટ રાખે છે!!!

કોઈ જ્ઞાતિજનને, સંસ્થા કે ગામવાસીઓને કોઈ પણ સ્વજનની અવસાનની વિગત જોઈતી હોય તો પલકવારમાં એ કાઢી આપે. જોતાં છક્ક થઈ જવાય!

શ્રધ્ધા સંકલ્પ અને શ્રમના ત્રિવેણી સંગમ રૂપ પદ્મભાને હુબલી વાલા ‘‘પ્રતિનિધિ’’ના ઉપનામે આદર આપે છે.

સંકલ્પ સિધ્ધિનું સ્વપ્ન સમજાવીને આ જ્ઞાતિબંધુ અવસાનની વિગત સાથે જન્મેલા બાળકની જન્મ તારીખ, લગ્ન છૂટાછેડાની વગેરેની વિગત રાખે છે. અપૂરતા સમાચારે આ વિગત ૧૦૦ ટકા ની નથી પણ એ વિગત પૂર્ણ કરવાનો પાકો નિર્ણય એમણે કરેલ છે.

આપણે ધારીએ તો ઘરના સ્વજનોની વિગત આપી શકીએ પણ ધારો કે લાલા કે ભાંડૂપના કયા વરસે કેટલા પુરૂષ મહિલા કે બાળક કઈ ઉમરે ગયા તેનું પણ વય પ્રમાણે વર્ગીકરણ કરી આપે.

તેઓશ્રી વિગતના પ્રત્યેક ચરણને ચૈતન્યશીલ બનાવી એના વ્યાપ અને વિસ્તારની


**।।શ્રી મોમાઈ માતાય નમઃ।।**

## વરાડીયા ગામના મોમાયા પરિવારની કુળદેવીની પહેડી

**વરાડીયા (કચ્છ) ગામના મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઈમાંની અસીમ કૃપાથી ૨૨મી સમૂહ પહેડીનું આયોજન, સોમવાર, તા.૨૬.૦૧.૨૦૧૫ના રોજ ભાડુંપ ખાતે કરવામાં આવેલ છે. શ્રી વરાડીયા (કચ્છ) ગામના મોમાયા ભાવિકો તથા નીયાણી બહેનોને સહકુટુંબ પહેડીમાં પધારવા તથા પહેડી પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.**

**સ્થળઃ શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ, અનંતસિધ્ધી, ભાડુંપ (વેસ્ટ)**

**કાર્યક્રમની રૂપરેખા**

૧. સવારના ૭.૪૫ વાગે અનંતસિધ્ધિના દ્વારે આપણે સૌ એકત્ર થશું. શ્રી મોમાઈમાંને વાજતે ગાજતે તેડવામાં આવશે.

૨. શ્રી મોમાઈ માંને પોંખવાનો અમૂલ્ય લહાવો, હાજર રહેલ ભાવિકોમાંથી ભાગ્યશાળીને મળશે.

૩.સંગીતના સથવારે મોમાઈ માંની ભક્તિ ભાવના, થાળ તથા આરતીનો લાભ.

૪. વ્યવસાયિક સંગીતકારો પધારશે.

૫.બપોરે થાળ ધરાવ્યા બાદ, પહેડી, પ્રસાદનો લાભ તથા શ્રી ભલારા કેટરર્સના ભાવતા ભોજનીયાના રસથાળનો રસાસ્વાદ

**નોંધ :- સવારના નવકારશીની વ્યવસ્થા છે. કાર્યક્રમની પ્રત્યેક ક્ષણ માણવા લાયક - જિંદગીનું અમૂલ્ય સંભારણું બની રહેશે. તો પધારો વેળાસર અને તરબોળ થાઓ માંની ભક્તિમાં**

***‘‘આકાશ શોભે સિતારોથી, ચાંદ શોભે ચાંદનીથી***
***ફુલો શોભે ફોરમથી અને પહેડી શોભે ભક્તોથી’’***

**લિ. શ્રી વરાડીયા મોમાયા પરિવાર વતી ભોઈમાં ના જય માતાજી**

## ભાવભીની શ્રદ્ધાંજલિ



બાંડિયા
ઐરોલી

અરિહંત
શરણ :
તા. ૧.૧૧.૧૪

### શ્રી હીરાચંદ અરજણ પટેલ

અમારા પટેલ પરિવાર, બાંડિયા ગામ, બાંડિયા મંડળ, મુંબઈ મહાજન અને અનેક સંસ્થાઓમાં તન, મન ધનથી, નિસ્વાર્થપણે, સત્યનિષ્ઠા અને નીડરતાથી હંમેશા સેવા આપીને સઘળા કાર્યોમાં સિંહફાળો આપનાર શ્રી હીરાચંદ ભાઈની યાદો અને ખોટ હંમેશા માટે રહેશે. અમારા પટેલ પરિવારનો અમુલ્ય હીરો અમોએ ગુમાવ્યો છે. જેની ખોટ કોઈ કાળે નહી પુરાય.



જન્મઃ
૫-૬-૧૯૫૫

અરિહંત
શરણ :
૧૫-૧૧-૧૪

### સ્વ. મયુર ખીમજી રાયશી લોડાયા
*બાંડિયા-મુલુંડ*

નાની વયમાં બાંડિયા ગામ, બાંડિયા મંડળ, સર્વોદય મંડળ અને અનેક સંસ્થાઓમાં પડદા પાછળ, નિસ્વાર્થ પણે અને નીડરતાથી નાના મોટા સઘળા કાર્યોમાં હંમેશા સત્યની પડખે રહીને જ પૂર્ણ જવાબદારીપુર્વક કામ કરનાર મયુરની યાદો અને ખોટ હંમેશા માટે રહેશે. એ સત્યનિષ્ઠ નીડાર રતન ગુમાવ્યાની ખોટ કદીય નહીં પુરાય. ૧૫ દિવસમાં અમારા બાંડિયા ગામે બબ્બે હીરા રતન ગુમાયાની ખોટ ક્યારેય પુરી નહી શકાય. એ બંને ઉચ્ચ આત્માને પ્રભુ પરમ શાંતિ આપે અને સમસ્ત પરિવારને આવેલું દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.

**બાંડિયા પટેલ પરિવાર - મુંબઈ**
**શા. લહેરચંદ તેજપાર પટેલ**
**શા. રતીલાલ કુવરંજી લોડાયા**
**શા મુલચંદ હીરજી લોડાયા**
**શા જવેરચંદ મુલજી પટેલ**
**શા મહેન્દ્ર વિશનજી લોડાયા**

પ્રત્યેક ક્ષિતિજનું સંવર્ધન અને સંકલન કરવા કટ્ટીબધ છે.

દક્ષિણ ભારતના દર વરસે પ્રગટ થતા Annual Report માં સં.૨૦૦૨ થી ૨૦૧૪ સુધી તેઓશ્રી તેવી વિગત પ્રકાશિત કરીએ સ્વ ને યાદરૂપે શ્રધ્ધાંજલિ અર્પે છે.

શ્રી કલ્પેશ મોતાને રાપરગઢવારીની વિગત સાથે ગોવિંદજી પુનશી મોમાયા અમુપમ પરિવાર સાંયરા તેરા વરાડીયા સહ અન્ય જ્ઞાતિજનોને વિગતે વિગત આપી છે.

કે.ડી.ઓ. સામાજીક સુરક્ષાના કેટલા લાભાર્થી છે ? ગામ. વય. મદદ અવસાન વગેરેના ૧૦૦૦૦ થી વધુ જ્ઞાતિજનોની વિગત પણ અપડેટ રાખી છે !

એના સર્ટીફીકેટ ગુમ થયા હોય. સાચવીને રાખ્યા હોય અને ના મળે તો (કાયદા પ્રમાણે મદદ એમના તરફથી હોય જ. ઘણીવાર એવું પણ બન્યું છે કે લાભાર્થીને એના સ્વજનની કે.ડી.ઓ. સુરક્ષા હેઠળની વાત એમને ખબર નથી તો પણ કાર્યદક્ષ વફાદારી વિગત આપીને એમને આશ્ચર્યમાં નાખ્યા છે! હજી પણ ૮૦૦૦ જ્ઞાતિજનોને એ સ્કીમના સભ્ય બનાવવા નિર્ધાર કરેલ છે.

કોઈ પણ જ્ઞાતિજનના ઉપરોક્ત આ સ્કીમે અવસાન પામે તો રૂ! ૭૫૦૦૦/- મળે છે તેઓશ્રીએ જો એ સભ્ય એકસીડન્ટે અવસાન પામે તો બીજા રૂ ૭૫૦૦૦/- બોનસ રૂપે મળે એ નિર્ણય પણ એમનો જ.

૬૭ વરસની વયે પણ સંપૂર્ણ નિરામયતા સ્ફુર્તિ તીવ્ર યાદાસ્ત કાર્યની વફાદારી નિષ્ઠા સંપૂર્ણ મેહનત અણીશુધ્ધ ચોકસતાએ સજાગ રહે છે....વા.ઉ..ઉ...ઉ

આવી લાખેણી સેવાના સંભવત આ એકજ જ્ઞાતિજન છે હૈયે હાય અને જીગરમાં જોમ, જ્ઞાતિસેવાની અલખ, અપેક્ષા રહિત અવિરત સેવા, પોલાદી મક્કમ મનોબળ, શકયતાના આકાશને તાગવાની ત્રેવડ જાણે જીવતું જાગતું બોલતું વસતી પત્રક, સમા ‘‘પદ્મભા’’ની આવી સેવાએ ઝૂકી તો જવાય ને?

**- *લહેરચંદ વેલજી મૈશેરી***
*ભાંડુપ*

## ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ પદે પુનઃ નિયુક્તી પામેલ શ્રી મધુકાન્ત જવેરચંદ શાહ (લોડાયા)



કોઠારાના હાલે છેલ્લા આશરે ૪૦ વર્ષથી ગાંધીધામ (કચ્છ) મધ્યે વસતા શ્રી મધુકાન્ત જવેરચંદ શાહની અંદાજે ૪ વર્ષ પહેલાં તે વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને હાલના ભારતના પ્રધાનમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટીના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી હતી અને તેમની સફળ કામગીરી અને સેવાની કદર કરી અને ફરીથી નિયુક્તિ કરવામાં આવ્યા છે. તે જ્ઞાતિ માટે ખુબજ ગૌરવપ્રદ બાબત છે.

વહીવટી કુશળતા તથા શાંત, સરળ અને સાલસ સ્વભાવ ધરાવતા શ્રી મધુકાન્તભાઈએ બી.કોમ., એલ.બી. (સ્પે) નો અભ્યાસ કરેલ છે વ્યવસાયે એટવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) અને સંભવતઃ સમગ્ર કચ્છ જીલ્લામાં જ્ઞાતિના ગુજરાત રાજ્ય દ્વારા નિયુક્ત પ્રથમ નોટરી પબ્લીક છે.

મીની મુંબઈ તરીકે ઓળખાતા આ પંચરંગી વિસ્તાર એવા ગાંધીધામ - આદિપુર વિસ્તારમાં તેઓ સામાજીક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે પણ સક્રિય રીતે સંકળાયેલા છે અને અનેક નામનાઓ મેળવેલ છે. તેઓ સતત ૩ ટર્મ સુધી ગાંધીધામ નગરપાલિકામાં કાઉન્સીલર પદે ચુંટાયેલ અને કારોબારી ચેરમેન તેમજ ઉપનગરપતિ સુધીના તમામ હોદ્દાઓ ઉપર રહી અને સુપેરે જવાબદારી નિભાવી ચુકયા છે.

મુળ આર. એસ. એસ. ના અને ભારતીય જનતા પાર્ટી જેવી રાષ્ટ્રીય પાર્ટીના ગાંધીધામ - આદિપુર શહેરના અધ્યક્ષ સુધીની જવાબદારી નિભાવી ભાજપના સંગઠન ક્ષેત્રે સક્રિય ભુમિકા ભજવેલ છે અને હાલે પણ કચ્છ જીલ્લા કક્ષાએ પણ રાજકીય ક્ષેત્રે સક્રિય છે.

ભુતકાળમાં ભારત સરકારના દુરસંચાર અને આઈ.ટી મંત્રાલાય (દુરસંચાર વિભાગ) નવી દિલ્હી દ્વારા ભારત સંચાર નિગમ લી. ની રચાયેલી કચ્છ જીલ્લાની દુરસંચાર સલાહકાર સમિતિમાં પણ તેમની નિમણુકો થયેલ છે.

ગાંધીધામ વિસ્તારમાં આપણી જ્ઞાતિના મધ્યમવર્ગના અને નબળાવર્ગના લોકો માટે પોતાનું રહેઠાણ ઘર થાય તે માટે શ્રી આદિનાથ કો - ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. ની સ્થાપના કરવામાં આવી અને તેના પ્રણેતા અને મુખ્ય પ્રાયોજકો પૈકી એક શ્રી મધુકાન્તભાઈએ પણ ખુબજ સક્રિય ભાગ ભગવેલ છે.

શ્રી મધુકાન્તભાઈ જ્ઞાતિ ક્ષેત્રે પણ સેવામાં સતત કાર્યરત રહ્યા છે જેમાં કચ્છ એકમ, ગાંધીધામ મહાજન તેમજ યુવક મંડળ જેવી સંસ્થાઓમાં પણ જવાબદારી નિભાવી છે. તેમના ગામ કોઠારાની શ્રી શાંતિનાથજી જૈન દેરાસર, જ્ઞાતિ મહાજન તથા પાંજરાપોળ ટ્રસ્ટમાં છેલ્લા ૩૦ વર્ષોથી પણ વધારે સમયથી સતત ટ્રસ્ટી પદે રહી સેવા આપે છે.

શ્રી મધુકાન્ત શાહ ઉતરોત્તર પ્રગતિ કરે તેવી અંતરની શુભેચ્છાઓ....

***- સંકલન : એડ. કેતન લોડાયા - ગાંધીધામ***


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

## પ્રશ્નોમાં અટવાયેલું મન પ્રસન્ન ન રહે

વનિતા



વિશ્વ

રોમાને તેના પિતાએ મિલકતમાંથી હિસ્સો નથી આપ્યો તેથી દુઃખી છે પણ ભાઈને કંઈ પૂછવાની તેની હિંમત નથી. સંબંધ બગડે તો? ની ચિંતામાં મન બગડયું છે તેની ખ્યાલ નથી રહ્યો. તારાને વૃધ્ધ સાસુ-સસરાનો કંટાળો આવ્યો નથી. તેને એકલતા અને ખાલીપણું કોરી ખાય છે. તેની મિત્ર માલા પરણીને પસ્તાઈ રહી છે. મંજુબહેનનો ફ્લેટ તેના દીકરાએ પચાવી પાડયો છે. તે માને સરખી રીતે રાખે તો છે પણ મંજુબહેનને સહી કરી આપી તેનો પસ્તાવો થયા કરે છે. કામ્યાને પૉકેટમનીમાંથી બ્રાન્ડેડ કપડાં ને બ્યૂટી ટ્રીટમેન્ટનો મેળ કેમ બેસાડવો તે સમસ્યા છે.

હમણાં કોઈક નિમિત્તે એક અદ્દભુત વાક્ય વાંચવા મળ્યુઃ ‘ જે પ્રશ્નચિત્ત છે તે પ્રસન્નચિત્ત કેવી રીતે રહી શકે?’જીવનમાં પ્રશ્નો ન આવે તેવું તો બને નહીં. જગત સવાલો ઊભા કરતું રહે છે, સંબંધો સમસ્યાઓ સર્જતા રહે છે અને પોતાની જાત પણ સતત પ્રશ્નો ઉઠાવ્યા કરે છે. આ બધા જ પ્રશ્નોના જવાબ મળે તો મનને શાંતિ થાય? ના. એક તો આટલા બધા પ્રશ્નોના જવાબ મળવા અસંભવ હોય છે. બીજું, મન જવાબ મળે તેનાથી ઘણી વધારે ઝડપથી સવાલો ઊભા કરવામાં એક્સપર્ટ હોય છે. ગમે તેટલી શાંતિથી સ્થિતિમાંથી પણ અસંખ્ય સવાલો ઊભા કરતા તેને આવડતું હોય છે. મહામૂલો સમય અને અણમોલ શક્તિ આમ ફસાવા-નીકળવાની કસરતમાં બરબાદ થાય છે. ઉપરાંત પોતાની જાત પ્રત્યે, અન્ય વ્યક્તિઓ પ્રત્યે, પરિસ્થિતિ પ્રત્યે કાયમની ફરિયાદ પણ રહે છે. પછી આપણે અકળામણનો ટોપલો જેનો માથા પર ઢોળી શકાય તેવા કોઈકને શોધીએ છીએ કોઈ ન મળે તો પોતાની જાત પર બંધુ ફ્રસ્ટ્રેશન કાઢીએ છીએ. જિંદગી આમ અથડાવા-કુટાવા માટે અશાંતિમાં વેડફાવા માટે મળી છે?

તો પછી શું કરવું ? એક જાદુઈ ચાવી આપું ? સ્વતંત્ર રીતે વિચારવાની ટેવ પાડવી એટલે સ્વકેન્દ્રિત કે આપખુદ થવું તેમ નથી. સ્વતંત્ર રીતે વિચારવું એટલે કોઈ વ્યક્તિ કે વિચારને વશ થયા વિના, પૂર્વગ્રહો કે ગ્રંથિઓથી દોરવાયા વિના પોતાની પરિસ્થિતિને પોતાની રીતે સમજવી અને કોઈના પર આધાર રાખ્યા વગર યોગ્ય ઉપાય શોધવો. સમસ્યા એક જેવી જ લાગતી હોય, પણ એક જેવી હોતી નથી. વ્યક્તિએ વ્યક્તિએ, પરિસ્થિતિએ પરિસ્થિતિએ અને એક જ વ્યક્તિના જીવનના જુદા જુદા તબક્કે સમસ્યાને મૂલવાની ને હલ કરવાની રીત બદલાય છે તેની આપણને ખબર હોવી જોઈએ. કોઈ અનુભવી કે હિતેચ્છુ વ્યક્તિ આપણને માર્ગ જરૂર ચીંધી શકે, પણ કોઈની વાતનું અંધ અનુસરણ કદી કરાય નહીં.

‘તારા પૈસાનું તેં શું કર્યું છે?’ નિવૃત્ત પ્રાધ્યાપિકા સુમનબહેનને તેની પિતરાઈ

### પ્રથમ વર્ષાન્તે શ્રદ્ધાંજલિ

અરિહંત શરણ



તા. ૪.૧.૨૦૧૩

**સ્વ. શ્રી હીરાચંદ કરમશી પટેલ (નાગડા)**

ક્યારેક મીઠા, ક્યારેક ખારા,
બધાના દુલારા, પિતા હતા અમારા;

ક્યારેક ઉદ્દ્વેગ, ક્યારેક આવેશ,
બધાથી પ્યારા, પિતા હતા અમારા;

ક્યારેક ચડતી, ક્યારેક પડતી,
હિમ્મત દેનારા, પિતા હતા અમારા;

ક્યારેક મજાક, ક્યારેક મસ્તી,
‘જીવન’નાં સહારા, પિતા હતા અમારા.

**શ્રધ્ધા સુમન અર્પણ**

**શ્રીમતી હીરાવંતી હીરાચંદ પટેલ (નાગડા)**

**દાઃ**

**પુત્રોઃ** નવીન, તારક, મીલન, નુરેશ

**પુત્રવધુઓઃ** સૌ. વર્ષા નવીન, સૌ. ભારતી તારક, સૌ. ડોલી મીલન, સૌ. મીનલ નુરેશ

**પૌત્રોઃ** ચિ. કુંજ, ચિ. દિવ્ય, ચિ. રાજ.

**પૌત્રીઓઃ** સૌ. ઝલક જીગર કુલીનકાન્ત મહેશ્વરી ચિ. સલોની, ચિ. ઋતુ.

બહેને પૂછ્યું. ‘બૅન્કમાં એફ.ડી. કરાવી લીધી છે.’ ‘અને તારા દીકરાને તેં ઘર લેવામાં મદદ કરી હતી તો તેણે એ તારા નામે લીધું કે નહીં?’ સુમનબહેન વિચારમાં પડયાં. ‘ના એ તો તેની પત્નીને નામે લીધું છે.’ ‘હાય,હાય, કેમ એમ?’ ‘કારણ કે અમારી બીજી પ્રોપર્ટી પણ છે. વકીલે જ એવી સલાહ આપી હતી.’ ‘વકીલ તો એ જ કહે જેને માટે તેને ફી મળી હોય. આમ ને આમ તારી બધી મરણમૂડી વપરાઈ જશે. મારી પાસે તારાં કરતાં અડધું ય નથી, પણ જેટલું છે તેટલું મારા જ હાથમાં છે. સુમનબહેનને એ બહેનનું આ રીતે વિચારવાનું બહુ ગમ્યું નહીં, પણ તેમના મનમાં સળવળાટ તો થવા લાગ્યો.

દીકરો-વહુ બરાબર હોવા છતાં તેમનો વિશ્વાસ ઊઠી ગયો. દરેક વર્તન શંકાના ત્રાજવે તોળવાની ટેવ પડી ગઈ. સુખચેન હણાઈ ગયાં. પ્રસન્નતા પર પૂળો મુકાઈ ગયો.

‘હું તારી મા છું, તારા સારા માટે કહું છું’ એવું વારંવાર કહીને આ જ બહેને તેમની પરિણીત દીકરીના અંગત જીવનમાં માથું મારવા માંડયું. શરૂઆતમાં તો દીકરીએ બધું સાંભળ્યા કર્યુ. તેનું તેના પતિ અને સાસરિયા તરફનું વર્તન બદલાવા માંડયું ત્યારે એક વાર તેની સાસુએ તેને પોતાની પાસે બેસાડીને કહ્યું, ‘જો, આ સંસાર મારો અને તારો છે. મારી માનો કે તારી માનો નહીં. તેને આપણે જ ચલાવવાનો છે ને આપણાં પુરૂષો અને સંતાનોને સાચવવાનાં છે. તેને માટે કોઈની અક્કલ ન ચાલે - આપણી જ સમજ અને બુદ્ધિ જોઈએ. વિચાર કરી જોજે. તું નહીં વિચારે તો હું વિચારીશ. કોઈ ચડાવે ને ઘરમાં અસંસ્કારી ઝઘડા થાય તે કરતાં શાંતિથી જુદા રહેવાનું મને વધારે ગમશે.’ સાસુની સ્પષ્ટ વાત  સાંભળી એ વિચારમાં પડી ગઈ. તેને તેની માની અણછાજતી દખલગીરીનો ખ્યાલ આવ્યો અને તેણે બહુ પ્રેમથી માને સમજાવી દીધું કે તારો સંસાર તેં તારી રીતે ચલાવ્યો, તો મારો સંસાર હું મારી રીતેચલાવું ને? મને માર્ગદર્શન જોઈતું હશે તો હું ચોક્કસ તને પૂછીશ. હવે દીકરી અને તેનો પરિવાર પ્રસન્ન છે. નાનીમોટી સમસ્યાઓ નથી આવતી એમ નહીં, પણ યુવાન પેઢીના જોશ અને જૂની પેઢીના અનુભવ મળીને કામ કરે છે અને ઉકેલ મળી જાય છે.

